બ્લોગ અને વેબસાઈટ પરથી સંકલન

# સંત કબીરના ભજન

સંકલન : ભરતકુમાર એલ. ચૌહાણ



HTTPS://OKANHA.WORDPRESS.COM

# અબ મૈં રામ કે ગુણ ગાઉં

અબ મૈં રામ કે ગુણ ગાઉં,
રામ કે ગુણ ગાઉં અપને શ્યામ કે ગુણ ગાઉં ... અબ મૈં

ગંગા નહાઉં ન જમુના નહાઉં, ના કોઈ તીરથ જાઉં
અડસઠ તીરથ હૈ ઘટમાંહી, કાહે મૈં મલ મેં નહાઉં ... અબ મૈં.

ડાલી ન તોડું, પાતી ન તોડું, ના કોઈ જીવ સતાઉં
પાત પાત મેં રામ બસત હૈ, વહીં કો શીશ નમાઉં ... અબ મૈં

યોગી ન હોઉં, ન જટા રખાઉં, ના અંગ ભભૂત લગાઉં,
જો રંગ રંગા આપ વિધાતા, ઓર ક્યા રંગ ચઢાઉં ... અબ મૈં

જાન કુલ્હાડા કસ કસ માર શબદ કમાન ચઢાઉ
પાંચો ચોર બસે ઘટ માંહી વહીં કો માર ભગાઉં ... અબ મૈં

ચાંદ સૂર્ય દોનોં સમ કર જાનું, પ્રેમ કી સેજ બિછાઉં,
કહત કબીર સુનો ભાઈ સાધો, આવાગમન મીટાઉ ... અબ મૈં

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ હરિસ્મરણને ઉત્તમ સાધન બતાવી પ્રભુના ગુણ ગાવાનું કહે છે. તેઓ કહે છે કે ગંગા કે યમુનામાં નહાવાની કે તીર્થયાત્રા કરવા જવાની મારે કોઈ આવશ્યકતા નથી કારણ કે અડસઠ તીર્થો આ માનવદેહમાં જ વસેલા છે તો એની જ યાત્રા શા માટે ન કરું ? શા માટે બહાર જઈ એ તીર્થોના મલિન પાણીમાં સ્નાન કરું ? પૂજાવિધિ માટે ફુલ, પર્ણો તોડવાની પણ મારે કોઈ જરૂર નથી, કે નથી જરૂર કોઈ વિધિવિધાન કે બલિદાન આપી જીવોને પીડા પહોંચાડવાની. કણ કણમાં અને પ્રાણીમાત્રમાં પ્રભુ વસી જ રહ્યો છે. તો પછી એને જ શા માટે નમન ન કરું ? એ જ રીતે યોગી થઈને જટા રાખવાની, અંગે ભભૂત લગાવવાની પણ મારે જરૂર નથી. જે રૂપરંગ ભગવાને આપ્યું છે તે યોગ્ય જ છે. એને બાહ્ય પદાર્થોથી બદલવાની મારે જરૂર નથી. ખરેખર જે કરવા જેવું છે તે તો આ છે - પંચમહાભૂતના શરીરમાં જે કામક્રોધાદિ વિકારો રહેલા છે તેને જ્ઞાન વડે દૂર કરું. પ્રાણનો સંયમ કરું - સૂર્ય અને ચંદ્ર નાડીને સમ કરી પ્રભુનું આરાધન કરું. અને એમ કરી સદેહે જ મુક્તિનો અનુભવ કરું. એમ કરી આ જન્મ મરણના ચક્રમાંથી છૂટી જાઉં.

# અવધૂ મેરા મન મતવારા

અવધૂ મેરા મન મતવારા (૨)
ઉનમનિ ચઢા ગગન રસ પીવૈ, ત્રિભુવન ભયા ઉજિયારા... અવધૂ મેરા

ગુડકર જ્ઞાન ધ્યાન કર મહુવા, ભવ ભાઠી કરિ ભારા,
સુષમન નાડી સહજ સમાની, પીવૈ પીવન હારા... અવધૂ મેરા

દોઈ પુર જોરિ ચિનગારી ભાઠી, ચુવા મહારસ ભારી,
કામ ક્રોધ દોઈ કિયા બનીતા, છૂટી ગઈ સંસારી... અવધૂ મેરા

સુનિ મંડલમૈં મંદલા બાજૈ, તહાં મેરા મન નાચૈ,
ગુરૂપ્રસાદિ અમૃતફલ પાયા, સહજ સુષમના કાછૈ... અવધૂ મેરા

પૂરા મિલા તબૈ સુખ ઉપજ્યૌ, તન કી તપન બુઝાની,
કહૈ કબીર ભવબંધન છૂટે, જ્યોતિ હિ જ્યોતિ સમાની... અવધૂ મેરા

**- સંત કબીર**

# અવસર બાર બાર નહીં આવૈ

અવસર બાર બાર નહિં આવૈ…
જો ચાહો કરિ લેવ ભલાઈ, જનમ જનમ સુખ પાવૈ… અવસર

તન મન ધન મેં નહિં કછુ અપના, છાંડી પલક મેં જાવૈ
તન છૂટે ધન કૌન કામ કે, કૃપિન કાહે કો કહાવૈ… અવસર

સુમિરન ભજન કરો સાહબ કો, જાસે જીવ સુખ પાવૈ,
કહત કબીર પગ ધરે પંથ પર, યમ કે ગણ ન સતાવૈ… અવસર.

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ માનવ જીવનની મહત્તા ગાય છે. તેઓ કહે છે કે આ માનવજન્મ દુર્લભ છે, વારંવાર મળતો નથી. એથી પ્રભુને ભજી લો તો જન્મોજન્મનું સુખ મેળવી લેશો. તન, મન, ધન કશું જ આપણું નથી, તેને તો મૃત્યુ આવતાં પળમાં ત્યાગીને જતા રહેવું પડશે. જે છોડીને જતું રહેવાનું છે તેને માટે શું કામ મમતા કરવી, શા માટે કૃપણ કહેવડાવું ? એથી કબીર સાહેબ કહે છે કે જેનાથી સાચું સુખ મળે છે તે ભગવાનનું ભજન કરો. જો એમ કરશો તો મૃત્યુ પણ તમારું કંઈ બગાડી નહીં શકે. યમના દૂતો તમને નહીં સતાવે. તમે જીવતાં જ મૃત્યુ પર વિજય મેળવી શકશો.

# આવે ન જાવે મરે નહિ જનમે

દર દિવાર દર્પણ ભયો, જીસ દેખું તિસ તોય,
કંકર પત્થર કિંકરી, સબ ભયો આરસી મોય...

આવે ન જાવે મરે નહિ જનમે, સોહિ નીજ પીવ હમાર હો...
ના પ્રથમ જનમીને જનમું, ના કોઈ સિરજનહારા હો... આવે ન જાવે

સાધનસિદ્ધિ મુની ના તપસી, ના કોઈ કરત આચારા હો,
ના ખટ દર્શન ચાર બરનમેં, ના આશ્રમ વ્યવહારા હો... આવે ન જાવે

ના ત્રીદેવા સોહમ શક્તિ, નિરાકારસે પારા હો,
શબ્દ અતીત અચલ અવિનાશી, ક્ષરાક્ષરસે ન્યારા હો... આવે ન જાવે

જ્યોતિ સ્વરૂપ નિરંજન નાહિ, ના ઓમ ઓમકારા હો,
ધરતી ન ગગન પવન ન પાની, ના રવિ ચંદા તારા હો... આવે ન જાવે

હૈ પ્રગટ પર દિસત નાહિ, સદગુરૂ સેન સહારા હો,
કહે કબીર સરવહી સાહેબ, પરખો પરખનહારા હો... આવે ન જાવે

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ પોતે નિરાકારની ઉપાસના કરે છે અને જેને ભજે છે તે કોઈ ધર્મ, નાતજાત, આકાર, રૂપ કે શબ્દથી પર છે એવું બતાવે છે. તેઓ એના લક્ષણ બતાવતાં કહે છે કે એ સર્વવ્યાપી છે. દર્પણમાં પણ છે, દિવાલમાં પણ છે અને કાંકરીમાં પણ છે. જ્યાં જુઓ ત્યાં સર્વત્ર બિરાજમાન છે. એનો જન્મ થતો નથી, એનું મૃત્યુ થતું નથી, એને બનાવનાર પણ કોઈ નથી કારણ એ પોતે જ સર્જનહાર છે. એ સાધક નથી, સિદ્ધ નથી, મુનિ, તપસી કે આશ્રમમાં રહેનાર પણ નથી. એ ન તો ત્રણ દેવોમાંથી કોઈ છે, એ તો શક્તિ છે, નિરાકાર છે, શબ્દથી પર, અવિચલ, અવિનાશી અને ક્ષર-અક્ષરથી પણ પર છે. એ જ્યોતિ સ્વરૂપ પણ નથી, નિરંજન પણ નથી, ન તો એ ઓમકાર સ્વરૂપ છે. ન તો એ ધરતી, ગગન, પવન પાણી કે સૂર્ય ચંદ્ર છે. એ બધે જ પ્રગટ છે પણ કોઈને દેખાતો નથી. કબીર સાહેબ કહે છે કે આવા મારા આરાધ્ય સાહેબ છે. જે એને પરખી શકે તે પરખો.

# એ દિલ ગાફિલ, ગફલત મત કર

અરે દિલ ગાફિલ ગફલત મત કર, એક દિન જમ તેરે આવેગા.

સૌદા કરન કો યહ જગ આયા, પુંજી લાયા મૂલ ગંવાયા,
પ્રેમ ડગર કા અંશ ન પાયા, જ્યું આયા ત્યું જાવેગા... અરે દિલ

સુન મેરે સાજન સુન મેરે મીતા, યહ જીવનમેં ક્યા ક્યા બીતા,
શિર પાહન કા બોજા લીતા, આગે કૌન છુડાવેગા... અરે દિલ

પર લે પાર મેરા મીતા ખડીયા, ઉસ મિલને કા ધ્યાન ન ધરિયા,
તૂટી નાવ ઉપર જા બૈઠા, ગાફિલ ગોથા ખાવેગા... અરે દિલ

દાસ કબીર કહે સમજાઈ, અંત કાલ તેરો કૌન સહાય,
ચલા અકેલા સંગ ન સ્થાઈ, કિયા આપ ના પાવેગા...અરે દિલ.

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ જીવને ચેતવણી આપે છે કે એક દિવસ તારે યમદેવને ઘરે બધું છોડીને જવું પડશે. તું માનવદેહ ધરીને અહીં આવ્યો. જે પૂંજી લઈને આવ્યો હતો તે તો બધી વ્યર્થ સાંસારિક વ્યવહારો અને ક્રીડામાં ગુમાવી દીધી. પ્રભુના પ્રેમનો અંશ પણ એના વડે ન મેળવ્યો. તેં અત્યારે જે દુન્યવી બોજો શિર પર લીધેલો છે એને હવે કોણ છોડાવશે ? તું ક્ષણભંગુર દેહરૂપી તુટેલી નાવ પર બેઠેલો છે અને નિશ્ચિત ગોથાં ખાવાનો છે. એથી જ કબીર સાહેબ સમજાવે છે કે તારો અંતઃકાળ આવશે ત્યારે તારી સાથે કોઈ આવવાનું નથી, તારે એકલા જ ચાલવાનું છે. તારું કર્યું કારવ્યું બધું અહીં જ રહીં જવાનું છે. એથી ઓ દિલ, ગાફેલ રહીને ગફલત ન કર, હજી પણ સમય છે. ચેતી જા.

# ઐસી દિવાની દુનિયા

ઐસી દિવાની દુનિયા.
ઐસી દિવાની દુનિયા, ભક્તિભાવ નહિ બૂઝેજી...ઐસી દિવાની

કોઈ આવૈ તો બેટા માંગે, યહી ગુસાંઈ દીજૈ જી,
કોઈ આવૈ દુઃખકા મારા, હમ પર કિરપા કીજૈ જી... ઐસી દિવાની

કોઈ આવૈ તો દૌલત માંગૈ, ભેટ રૂપૈયા લીજૈ જી,
કોઈ કરાવૈ બ્યાહ સગાઈ, સુનત ગુસાંઈ રીઝૈ જી... ઐસી દિવાની

સાંચેકા કોઈ ગ્રાહક નાહિં, ઝૂઠે જગતપતિ જૈ જી,
કહત કબીરા સુનો ભાઈ સાધો, અજ્ઞાનીકો ક્યા કીજૈ જી... ઐસી દિવાની.

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ સાંસારિક વિષયોમાં રચ્યાપચ્યા લોકો પર આકરા પ્રહારો કરે છે. તેઓ કહે છે કે આવા લોકોમાં ભક્તિભાવનો છાંટો હોતો નથી છતાં તેઓ મંદિરોમાં કે મસ્જિદોમાં જાય છે, સંતો કે ફકીરો પાસે જઈને માથું નમાવે છે. પણ તેમ કરવાનો હેતુ દુન્યવી જ હોય છે. કોઈને પુત્ર થાય એ માટે આશીર્વાદ જોઈતા હોય છે, કોઈ પોતાના દુઃખમાંથી મુક્તિની કામના લઈને આવ્યા હોય છે. કોઈને ધનવૈભવમાં રસ હોય છે, તો કોઈને શાદી વિવાહ જેવા પ્રસંગો સરળતાથી ઉકેલાઈ જાય તેની મહેચ્છા હોય છે. ખરેખર ઈશ્વરમાં રસ ધરાવનાર, તેના સાચા ભક્ત કોઈ હોતા નથી. તેઓ તો માત્ર પોતાનું ધાર્યું પાર પડે તે માટે જયજયકાર કરતા હોય છે. કબીર સાહેબ ખેદ સાથે જણાવે છે કે આવા અજ્ઞાનીઓનું શું કરવું ?

# કર સાહબ સે પ્રીત

કર સાહબ સે પ્રીત, રે મન, કર સાહબ સે પ્રીત

ઐસા સમય બહુરિ નહીં પૈહો ગઈ હૈ અવસર બીત
તન સુંદર છબી દેખ ન ભૂલો યે બાલોં કી રીત ... રે મન

સુખ સંપત્તિ સપને કી બતીયાં જૈસે તૃણ પર તીત
જાહી કર્મ પરમ પદ પાવૈ, સોઈ કર્મ કર મીત ... રે મન

સરન આયે સો સબ હી ઉગારે યહી સાહિબ કી રીત,
કહત કબીર સુનો ભાઈ સાધો, ચલી હો ભવજલ ગીત ... રે મન

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ પ્રભુ સાથે પ્રીત કરવાનું કહે છે. તેઓ કહે છે કે હજુ પણ મોડું નથી થયું. આ દુર્લભ માનવજન્મ મળ્યો છે તો પ્રભુને ભજી લે. આ સુંદર શરીરમાં મોહાતો નહીં. કારણ કે એ નાશ પામનારૂં છે. સુખ સંપત્તિ પણ સ્વપ્નમાં દેખાતી વસ્તુઓ સમાન છે. જેવી રીતે ઘાસ પર જીવડું બેઠું હોય તો દેખાતું નથી. બંને એકાકાર લાગે છે પણ સમય આવતાં ઘાસ એમ જ રહી જાય છે અને કીટ ઉડી જાય છે. તેવી જ રીતે આ શરીરમાં રહેલો આત્મા સમય આવતાં જતો રહેશે અને આ નશ્વર દેહ અહીં જ રહી જશે. એથી હે જીવ, તું ચેત અને પ્રભુના શરણમાં જા. જે એનું શરણ લે છે તેને તે ઉગારે છે. એ એની રીત છે. તો આ ભવજળને પાર કરવા તું એનું શરણ લઈ લે.

# કાહે ન મંગલ ગાવે, જશોદા મૈયા

કાહે ન મંગલ ગાવે જશોદા મૈયા, કાહે ન મંગલ ગાવે
પુરણ બ્રહ્મ સકલ અવિનાશી તેરી ધેનુ ચરાવે ... જશોદા મૈયા

કોટિ કોટિ બ્રહ્માંડ કે કર્તા જપ તપ ધ્યાન ન આવે,
ના જાનું યહ કૌન પુન્ય સે તાકો ગોદ ખિલાવે .... જશોદા મૈયા

બ્રહ્માદિક ઈન્દ્રાદિ શંકર નિગમ નેતિ કરી ગાવે,
શેષ સહસ્ત્ર મુખ રટત નિરંતર, તાકો પાર ન આવે ... જશોદા મૈયા

સુંદર વદન કમલદલ લોચન, ગૌધન કે સંગ આવે,
માત જશોદા કરત આરતી, કબીરા દર્શન પાવે ... જશોદા મૈયા

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ પોતાની કૃષ્ણ અને યશોદાના દર્શનની અનુભૂતિને વર્ણવે છે. પૂર્ણ અવતારી અખંડ ને અવિનાશી પરમાત્મા જાતે જ તારી ગાયોને ચરાવતા હોય તો હે જશોદા મૈયા, તને પરમ આનંદ કેમ ન થાય ? અને તારાથી મંગલ ગીતો ગાઈ એ આનંદની અભિવ્યક્તિ કર્યા વિના કેમ રહેવાય ? કરોડો બ્રહ્માંડોના સર્જક જપ ને તપ વડે પ્રાપ્ત થઈ શકતા નથી તે કયા પુણ્યને પ્રતાપે તારી ગોદમાં ખેલી રહ્યા છે તે મને સમજાતું નથી. તેના ગુણગાન બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈન્દ્ર આદિ દેવતાઓ અને સર્વે શાસ્ત્રો નેતિ નેતિ કરીને ગાય છે એટલું જ નહીં પણ ખુદ શેષ ભગવાન પોતાના હજાર મોઢાથી સતત એમના નામના જાપ જપ્યા કરે છે. છતાં તેનો પાર પામી શકતા નથી. જેની આંખો અને મોઢું કમળ સમાન સુંદર છે એવા પ્રભુને ગોવાળિયા રૂપે ગાયોનાં ટોળાં સાથે આવતા જોઈને મા જશોદા પ્રેમપૂર્વક આરતી ઉતારે છે તેવું દર્શન પામી કબીર ધન્યતાનો અનુભવ કરે છે.

# ગગન કી ઓટ નિશાના હૈ

ગગન કી ઓટ નિશાના હૈ

દાહિને સૂર ચંદ્રમા બાંયે
તીન કે બીચ છિપાના હૈ

તનકી કમાન સુરત કા રૌંદા,
શબદ બાણ લે તાના હૈ

મારત બાણ બિધા તન હી તન
સતગુરુ કા પરવાના હૈ

માર્યો બાણ ઘાવ નહીં તન મેં
જિન લાગા તિન જાના હૈ

કહે કબીર સુનો ભાઈ સાધો,
જિન જાના તિન માના હૈ

**- સંત કબીર**

પ્રસ્તુત ભજનમાં કબીર સાહેબ કહે છે કે પરમ તત્વ તો આસમાનથી પણ પર છે. એની ડાબી બાજુએ સૂર્ય અને જમણી બાજુએ ચંદ્ર છે. તેની વચ્ચે એ છુપાયેલ છે. (એના ગૂઢાર્થ એવો પણ લઈ શકાય કે આપણી ડાબી નાડી સૂર્ય નાડી અને જમણી નાડી ચંદ્ર નાડી છે અને એ બંનેની મધ્યમાં સુષુમ્ણા નાડી રહેલી છે ત્યાં ધ્યાન કેન્દ્રિત કરવાથી એનો સાક્ષાત્કાર કરી શકાય છે.) શરીરરૂપી ધનુષ્ય છે, દ્રષ્ટિરૂપી પ્રત્યંચા ખેંચેલી છે, અને શબ્દોનું બાણ લઈને તાકવાનું છે. (અર્થાત્ બે ભ્રમરની મધ્યમાં દ્રષ્ટિને સ્થિર કરીને સોહમમાં ધ્યાન કેન્દ્રિત કરવાનું છે) એ શબ્દોનું બાણ સદગુરુના કહ્યા મુજબ શરીરને છોડીને તાકવાનું છે. એ બાણ એવું છે કે સામાન્ય બાણની જેમ એનો ઘાવ દેખાતો નથી પણ જેને એ લાગે છે તેને જ તેનું જ્ઞાન થાય છે. કબીર સાહેબ કહે છે કે આવું બાણ જેને લાગી ગયું છે તેનું જીવન યથાર્થ છે, તેને અનુસરવામાં ભલાઈ છે.

# ચલના હૈ દૂર મુસાફિર

ચલના હૈ દૂર મુસાફિર, કાહે સોવે રે...

ચેત અચેત નર સોચ બાવરે, બહુત નીંદ મત સોવે રે,
કામ ક્રોધ મદ લોભ મેં ફંસકર, ઉમરીયા કાહે ખોવે રે... ચલના હૈ

શિર પર માયા મોહ કી ગઠરી, સંગ દૂત તેરે હોવે રે,
સો ગઠરી તેરી બિચમેં છિન ગઈ, મૂંઢ પકડી કહાં રોવે રે... ચલના હૈ

રસ્તા તો વો દૂર કઠિન હૈ, ચલ બસ અકેલા હોવે રે,
સંગ સાથ તેરે કોઈ ના ચલેગા, કાકે ડગરીયા જોવે રે... ચલના હૈ

નદિયા ગહરી નાવ પુરાની, કેહિ વિધી પાર તું હોવે રે,
કહે કબીર સુનો ભાઈ સાધુ, વ્યાજ ધોકે મૂલ મત ખોવે રે... ચલના હૈ

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ માનવને જાગૃત થવાનો સંદેશ આપે છે. તેઓ માનવને કહે છે કે હે માનવ, ઈશ્વરને મેળવવા માટે લાંબો પંથ કાપવાનો છે, એથી જીવનની પળેપળનો ઉપયોગ કરીને આગળ વધી લે. કામ, ક્રોધ, લોભ અને મદ-મત્સરમાં ફસાઈને તું તારા કિમતી જીવનને બરબાદ કરી રહ્યો છે. તારી આ મોહનિંદ્રામાંથી જાગી જા. હે માનવ, સાંસારિક મોહમાયામાં તું ફસાયેલો રહ્યો. હવે તારી માયાની ગઠરી તુટી ત્યારે તું શું કામ રડે છે. તને ખબર નથી કે તારે એકલા આવી અને એકલા જ જવાનું છે. અંતિમ સમયે કોઈ તને સાથ આપવાનું નથી. તારે હજી તો ઘણી મજલ કાપવાની છે, તો હવે તું કોની રાહ જુએ છે. આ ભવસાગર તરવો દુષ્કર છે અને તારી કાયારૂપી નાવ જર્જરિત થઈ ગઈ છે. તું કેવી રીતે એને પાર કરી શકીશ. હજી પણ મોડું નથી થયું. તું ઈશ્વરનું સ્મરણ કરવા માંડ નહીંતર એવું થશે કે તને માનવદેહ રૂપી જે મૂડી પ્રભુએ આપેલી હતી તેને ખોઈ બેસીશ.

# જનમ તેરા બાતોં હી બીત ગયો

જનમ તેરા બાતોં હી બીત ગયો...
તુને કબહુ ન રામ કહ્યો, તુને કબહુ ન કૃષ્ણ કહ્યો... જનમ તેરા

પાંચ બરસકા ભોલા ભાલા, અબ તો બીસ ભયો,
મકર પચીસી માયા કારન, દેશ વિદેશ ગયો... જનમ તેરા

ત્રીસ બરસ કી જબ મતિ ઉપજી, નિત નિત લોભ નયો,
માયા જોરી લાખ કરોરી, અજહુ ન પ્રીત ભયો...જનમ તેરા

વૃદ્ધ ભયો તબ આલસ ઉપજી, કફ નીત કંઠ રહ્યો,
સંગતિ કબહુ નાહિ કીન્હિ, બિરથા જનમ ગયો... જનમ તેરા

યહ સંસાર મતલબ કા લોભી, જુઠા ઠાઠ રચ્યો,
કહત કબીર સમજ મન મુરખ, તું ક્યોં ભૂલ ગયો... જનમ તેરા.

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ મનુષ્યજન્મની મહત્તા બતાવતાં એને વ્યર્થ ન ગુમાવવાની વાત કહે છે. માનવ જ્યારે વૃદ્ધાવસ્થામાં પહોંચે છે ત્યારે એને ભાન થાય છે કે એનું જીવન તો વ્યર્થ જ વહી ગયું, એણે ભગવાનનું સ્મરણ-મનન-નિદિધ્યાસન ન કર્યું. પાંચ વરસનો હોય છે ત્યારે નાનો અને ભોળો હતો. ત્યારે ભગવાનનું ભજન કરવાની સૂઝ ન હતી. જ્યારે વીસ વરસનો યુવાન થયો તો દેશવિદેશ અભ્યાસ કે નોકરી અર્થે ગયો. ત્રીસ વરસનો થયો ત્યારે લાખ કરોડ કમાવાના લોભમાં ભગવાન માટે સમય જ ન રહ્યો. વૃદ્ધ થયો ત્યારે હરિસ્મરણની ઈચ્છા થઈ તો આળસ આવી, શરીરનું સ્વાસ્થ્ય સારું ન રહ્યું, કંઠમાં કફ થયો - એમ કોઈ ને કોઈ કારણસર સત્સંગ ન થયો અને આખું જીવન એમ જ વ્યતિત થઈ ગયું. આ સંસાર તો માયાનો ખેલ છે, એમાં દેખાનારા પદાર્થો વિનાશી અને ક્ષણભંગુર છે. એથી હે મૂર્ખ મન, તું હવે તો સમજી જા અને પ્રભુનું સ્મરણ કરવા માંડ.

# ઝીની ઝીની બીની ચદરિયા

ઝીની ઝીની બીની ચદરિયા

કાહ કે તાના કાહ કે ભરની, કૌન તાર સે બીની ચદરિયા,
ઈંગલા પિંગલા તાના ભરની, સુષમન તાર સે બીની ચદરિયા.

અષ્ટ કમલદલ ચરખા ડોલૈ, પાંચ તત્વ ગુણ તીની ચદરિયા,
સાંઈ કો સિયત માસ દશ લાગે, ઠોક ઠાક કે બીની ચદરિયા.

સો ચાદર સુર નર મુનિ ઓઢિન, ઓઢિ કે મૈલી કીની ચદરિયા,
દાસ કબીર યતન સે ઓઢિન, જ્યોં કી ત્યોં ધર દીની ચદરિયા..

**- સંત કબીર**

આ પદમાં કબીર સાહેબ માનવદેહનું મહત્વ અને એને કેવી રીતે વાપરવો તેની વાત કરે છે. કબીરજી પોતે વ્યવસાયે વણકર હતા. એથી મનુષ્ય દેહની સરખામણી ચાદર સાથે કરે છે. આ દેહરૂપી ચાદર શેની બનેલી છે, એના તાણાંવાણા શેનાથી બંધાયેલા છે એવો પ્રશ્ન કરી એના જવાબમાં કબીર સાહેબ કહે છે કે ઈડા અને પિંગલા નાડીઓના તારથી આ દેહ વણાયેલો છે. જેમ ચરખા પર એક મુખ્ય તાર હોય તેમ ગુદાના દ્વારથી લઈ માથાના ઉપરના ભાગમાં આવેલ બ્રહ્મરંધ્ર સુધી આ નાડીસમુહ ગુંથાયેલો છે. સુષુમ્ણા નાડી વડે એમાં કુંડલિનીનું વહન થાય છે. પૃથ્વી, જળ, વાયુ, તેજ અને આકાશ એમ પંચમહાભૂત તત્વો અને સત્વ, રજ તથા તમ - એ ત્રણ ગુણ એમ કુલ મળી આઠ પાંખડીઓવાળા કમળ વડે આ સ્થૂળ દેહની રચના કરવામાં આવી. માતાના ગર્ભમાં આ મનુજદેહને તૈયાર થતાં નવ-દસ માસનો સમય લાગે છે. એ દેહને સુર, નર, મુનિ ધારણ કરે છે. કોઈ એને ધન વડે, કોઈ અહંકાર વડે, કોઈ કામ અને ક્રોધ વડે, તો કોઈ મદ, મમતા, મત્સર વિગેરેથી એને મેલો કરે છે. કબીર સાહેબ કહે છે, કે એમણે આ મનુષ્યદેહનો સર્વોત્તમ સદુપયોગ કર્યો અને જેવો નિર્મળ અને વિશુદ્ધ દેહ મળ્યો હતો તેવો જ પાછો ઈશ્વરને ધરી દીધો. એને પોતે કોઈ પ્રકારના ખરાબ કર્મોથી ગંદો ન કર્યો.

# નીંદ સે અબ જાગ બન્દે

નિંદ નિશાની મોત કી, ઉઠ કબીરા જાગ,
ઓર રસાયન છાંડી કે, નામ રસાયન લાગ...

નિંદ સે અબ જાગ બંદે, રામમેં અબ મન રમા,
નિરગુના સે લાગ બંદે, હૈ વહી પરમાત્મા... નિંદ સે

હો ગઈ હૈ ભોર કબ સે, જ્ઞાન કા સૂરજ ઉગા,
જા રહી હર સાંસ બિરથા, સાંઈ સુમિરન મેં લગા... નિંદ સે

ફિર ન પાયેગા તું અવસર, કર લે અપના તું ભલા,
સ્વપ્ન કે બંધન હૈ જુઠે, મોહસે મનકો છોડા... નિંદ સે

ધારલે સતનામ સાથી, બન્દગી કરલે જરા,
નૈન જો ઉલટે કબીરા, સાંઈ તો સન્મુખ ખડા... નિંદ સે

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ નામસ્મરણનો મહિમા ગાય છે. તેઓ કહે છે કે માયાની નિંદ્રામાં તું સુઈ રહ્યો છે તે તો તને ક્ષણભંગુર અને નાશવંત પદાર્થો તરફ લઈ જશે અને તારો વિનાશ નોંતરશે. માટે એમાંથી જાગી જા. બીજા બધા કામ છોડીને પરમાત્મામાં તારું મન જોડ, તેનું નામ સ્મરણ કર. એક વાર જ્ઞાનનો સૂરજ ઉદય થઈ ગયો પછી તારો પ્રત્યેક શ્વાસ પરમાત્માનું નામ લેવા માટે વપરાવો જોઈએ. એ સિવાયનું જીવન વ્યર્થ છે. આ માનવજીવન તને મળ્યું છે તે અણમોલ છે. એ તને વારે વારે નથી મળવાનું એથી તું બધા જ બંધનોથી અને વિષયોના મોહથી તારા મનને મુક્ત કર. પરમાત્માનું ભજન કરી છે. જો તો ખરો પરમાત્મા તારાથી દૂર નથી અર્થાત્ તે તારી સામે જ ઊભા છે.

# નૈહરવા હમકા ન ભાવે

નૈહરવા હમ કા ન ભાવે, ન ભાવે રે

સાંઈ કી નગરી પરમ અતિ સુંદર, જહાં કોઈ જાએ ના આવે,
ચાંદ સૂરજ જહાં, પવન ન પાની, કોન સંદેશ પહૂંચાવે,
દરદ યહ સાંઈ કો સુનાવે ... નૈહરવા

આગે ચલું પંથ નહીં સૂઝે, પીછે દોષ લગાવૈ,
કેહિ બિધિ સસુરે જાઉં મોરી સજની, બિરહા જોર જરાવે,
વિષય રસ નાચ નચાવે .... નૈહરવા

બિન સતગુરુ અપનો નહીં કોઈ, જો યહ રાહ બતાવૈ,
કહત કબીર સુનો ભાઈ સાધો, સપને મેં પ્રીતમ આવે,
તપન યહ જિયા કી બુઝાવૈ ... નૈહરવા.

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ પરમાત્માથી વિખૂટા પડેલ જીવની વ્યથાને વાચા આપે છે. નૈહરવાનો અર્થ હિંદીમાં પિયર કે પિતાનું ઘર થાય છે. પરમાત્માની નગરી અતિ સુંદર છે, પણ ત્યાં ગયા પછી કોઈ આવી શકતું નથી. ત્યાં ચંદ્ર કે સૂરજ પહોંચી શકતા કે નથી પવન કે પાણી ત્યાં સંદેશ પહોંચાડી શકતા. એના વિવિધ અર્થ કાઢી શકાય - એમ કહી શકાય કે સદેહે ત્યાં જવું અશક્ય છે (કારણ શરીર પંચ ભૂતોનો બનેલ છે અને પવન, પાણી, પૃથ્વી કે તેજ દ્વારા ત્યાં જઈ શકાતું નથી) અથવા તો જીવ પોતાના પુરુષાર્થથી ત્યાં જઈ શકતો નથી તે માટે ગુરુની જરૂર પડે છે. વળી જીવની દુવિધા એક પરીણિતા સ્ત્રી જેવી છે, જે ગમતું હોવા છતાં ન તો પિયરમાં રહી શકે છે કે ન તો પોતાના પતિના ઘરે ઈચ્છાથી જવા માગે છે. એટલે કે જીવની ઈચ્છા પરમાત્મા તરફ જવાની હોવા છતાં વિષયોનો રસ એના મનને ખેંચે છે, ઈશ્વર તરફ જતાં રોકે છે. અંતે કબીર સાહેબ પરમાત્માની લગનીની તીવ્રતા બતાવતા કહે છે કે સ્વપ્નમાં પણ પરમાત્મા આવે છે. અંતરમાં લાગેલ પરમાત્મદર્શનની આ પ્યાસને કોણ બુઝાવે ? આ સ્થિતિમાં તો કેવળ એક સદગુરૂ જ એવા છે જે પરમાત્મા સુધી જવાનો રસ્તો બતાવી શકે.

# પાની મેં મીન પિયાસી

પાની મેં મીન પિયાસી, મોહિ સુન સુન આવત હાંસી.

આતમ જ્ઞાન બિના નર ભટકે, કોઈ મથુરા કોઈ કાશી,
જૈસે મૃગા નાભિ કસ્તુરી, બન બન ફિરત ઉદાસી ... પાની મેં

જલ બિચ કમલ, કમલ બિચ કલિયાં, તા પર ભંવર નિવાસી,
સો મન બસ ત્રિલોક ભયો હૈ, યતી સતી સંન્યાસી ... પાની મેં

જાકો ધ્યાન ધરે વિધિ હરિહર, મુનિજન સહસ અઠાસી,
સો તેરે ઘટમાંહી બિરાજે, પરમ પુરૂષ અવિનાશી ... પાની મેં

હૈ હાજિર તોહિ દૂર દિખાવે, દૂરકી બાત નિરાસી,
કહે કબીર સુનો ભાઈ સાધો, ગુરૂ બિન ભરમ ન જાસી ... પાની મેં

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ કહે છે કે માછલી પાણીમાં રહેતી હોવા છતાં તરસી છે એ વાત સાંભળીને જેમ હસવું આવે એવી જ રીતે જીવ પરમાત્માનો અંશ હોવા છતાં, ઘટ ઘટમાં રમી રહેલ પરમાત્માને પામી શકતો નથી અને સાંસારિક વિષયોમાં ફસાય છે એ જોઈ મને હસવું આવે છે. જેમ મૃગની નાભિમાં કસ્તૂરી હોય છે પણ તે આખા જંગલમાં દોડી દોડીને તેને શોધે છે તેમ સ્વરૂપની અનુભૂતિ ન હોવાથી માનવ પણ કાશી મથુરા જેવા તીર્થસ્થાનોમાં તેની ખોજ કરે છે. જળની વચ્ચે કમળ ઊગે છે અને તેની પર ભ્રમર ફરે છે તેવી જ રીતે આ ત્રિલોકમાં વસીને માનવ - પછી તે યતિ હોય, સતી હોય કે સંન્યાસી હોય, એનું ધ્યાન ધરે છે. બ્રહ્મા, વિષ્ણુ મહેશ તથા અગણિત મુનિજનો જેને સેવે છે તે અવિનાશી પરમાત્મા તો આપણા હૃદયમાં વિરાજમાન છે. તેને ઓળખવાની કોશિશ કરો. એ નજીક હોવા છતાં દૂર માલૂમ પડે છે, અને દૂર હોવાની વાતને કારણે માનવને એની શોધમાં નિરાશા સાંપડે છે. અંતે કબીર સાહેબ કહે છે કે ઈશ્વર પોતાના અંતરમાં વિરાજેલ છે, અને તેના સુધી સરળતાથી પહોંચવાનો માર્ગ ગુરુ વિના મળવો મુશ્કેલ છે.

# બરસન લાગ્યો રંગ

બરસન લાગ્યો રંગ શબદ ચઢ લાગ્યો રી

જનમ મરણ કી દુવિધા ભારી,
સમરથ નામ ભજન લત લાગી
મેરે સતગુરુ દીન્હીં સૈન સત્ય કર પા ગયો રી ... બરસન લાગ્યો

ચઢી સૂરજ પશ્ચિમ દરવાજા,
ભ્રુકુટિ મહેલ પુરુષ એક રાજા
અનહદ કી ઝંકાર બજે વહાં બાજા રી ... બરસન લાગ્યો

અપને પિયા સંગ જાકર સોઈ,
સંશય શોક રહા નહીં કોઈ,
કટ ગયે કરમ કલેશ, ભરમ ભય ભાગા રી ... બરસન લાગ્યો રંગ

શબદ વિહંગમ ચાલ હમારી
કહ કબીર સતગુરુ દઈ તારી
રિમઝિમ રિમઝિમ હોય તાલ બસ આઈ ગયો રી ... બરસન લાગ્યો રંગ.

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ પોતાની અનુભૂતિનું વર્ણન કરે છે. જન્મ મરણના ચક્રમાં ફસાયેલ જીવને સદગુરુનું શરણ અને મંગલ માર્ગદર્શન મળે અને એ પ્રમાણે એ ચાલે તો એનો બેડો પાર થઈ જાય. કબીર સાહેબ યોગના ગુઢ જ્ઞાનને પોતાના ભજનમાં સુંદર રીતે પ્રસ્ફુટિત કરતાં કહે છે કે કુંડલિની જાગ્રત થતાં પ્રાણ કરોડરજ્જુના માર્ગે પાછળના દરવાજેથી ઉપર ચઢી ભ્રમર મધ્યે પહોંચે છે જ્યાં આત્મદેવ વિરાજે છે. એમ થવાથી સમાધિ દશાનો અનુભવ થાય છે. અનાહત નાદ સંભળાય છે. જ્યારે આવો અનુભવ થાય છે ત્યારે કોઈ સંશય રહેતા નથી, ભયનો નાશ થાય છે અને માયાનો પડદો હટી જતાં બધા જ ભ્રમ ભાંગી જાય છે. કર્મોના બંધન અને ક્લેશનો નાશ થાય છે. કબીર સાહેબ કહે છે કે સદગુરુએ મને આ માર્ગ બતાવ્યો અને ભવબંધનમાંથી તારી લીધો. હવે એ પથ પર હું આનંદ આનંદનો અનુભવ કરતાં ચાલી રહ્યો છું.

# બીત ગયે દિન ભજન બિના

બીત ગયે દિન ભજન બિના રે
ભજન બિના રે ભજન બિના રે.

બાલ અવસ્થા ખેલ ગવાઁઈ
જબ યૌવન તબ માન ધના રે ... બીત ગયે દિન

લાહે કારણ મૂલ ગવાંયો,
અજહું ન ગઈ મન કી તૃષ્ણા રે ... બીત ગયે દિન

કહત કબીર સુનો ભાઈ સાધો,
પાર ઉતર ગયે સંત જના રે ... બીત ગયે દિન

**- સંત કબીર**

# ભજન કર મનજી રામ

ભજન કર મનજી રામ થોડી જીંદગાની

ઈસ માયા કા ગર્વ ન કરીયે, અંત સંગ નહીં આની
ઈસ દેહી કા માન ન કરીયે, યહી ખાક હો જાની ... ભજન કર

ભાઈ બંધુ તેરે કુટુંબ કબીલા, કર રહે ખેંચાતાની
કહત કબીર સુનો ભાઈ સાધો, રહ જાય અમર નિશાની .. ભજન કર.

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ મનજીરામને ભજન કરવાનો સંદેશ આપે છે. તેઓ માનવ મનને સમજાવતાં કહે છે કે માનવજીવન ક્ષણભંગુર છે, ક્યારે સમાપ્ત થઈ જશે તે કહી શકાય તેવું નથી. જે વસ્તુઓ પર માનવ ગર્વ કરે છે તે બધા જ પદાર્થો એની સાથે આવવાના નથી. એનો દેહ પણ એની સાથે આવવાનો નથી, એ તો બળીને ભસ્મ થવાનો છે. એથી નશ્વર દેહ અને નાશ પામનાર પદાર્થો પર ગર્વ કરવાનો કોઈ અર્થ નથી. ઉલટું, માનવે આખી જિંદગી દરમ્યાન જહેમતથી ભેગી કરેલ બધી સંપત્તિ મૃત્યુ બાદ એના કુટુંબ કબીલામાં અશાંતિનું કારણ બનવાની છે. એના ભાગલા પાડવા માટે ખેંચતાણ થવાની છે. એના કરતાં શા માટે કોઈ દૈવી સંપત્તિ ન કમાવી કે જેની મહેક માનવના મૃત્યુ પછી પણ યુગો યુગો સુધી પ્રેરણા ધરે ?

# ભજો રે ભૈયા રામ ગોવિંદ હરિ

ભજો રે ભૈયા રામ ગોવિંદ હરિ,
રામ ગોવિંદ હરિ ... ભજો રે ભૈયા

જપ તપ સાધન કછુ નહીં લાગત,
ખરચત નહીં ગઠરી ... ભજો રે ભૈયા

સંતત સંપત સુખ કે કારન,
જાસે ભૂલ પરી ... ભજો રે ભૈયા

કહત કબીર જા મુખ રામ નાહીં
તા મુખ ધૂલ ભરી ... ભજો રે ભૈયા.

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ કહે છે કે ઈશ્વરનું સ્મરણ કરો. જપ, તપ વગેરે સાધનો એવા છે કે જેમાં કોઈ જાતનો ખર્ચ નથી કરવો પડતો. એટલે ધની હોય કે નિર્ધન - કોઈ પણ એનો આધાર લઈ શકે છે. વળી સંતતિ અને સંપત્તિ એ બે વસ્તુ એવી છે કે જેને કારણે માનવને બહારથી સુખનો અનુભવ થતો લાગે છે પણ એમ માનવામાં ભૂલ રહેલી છે. જે મર્યા પછી સાથે નથી આવવાની એવી દુન્યવી સંપત્તિ અને જે સંબંધો અહીં જ છોડીને જતા રહેવું પડવાનું છે એને માટે સમય બગાડવા જેવો નથી, ઈશ્વરનું સ્મરણ જ સાથે આવવાનું છે. માટે હે માનવ, તું રામ કે ગોવિંદને ભજ. અંતે કબીર સાહેબ કહે છે જે આ પ્રમાણે નથી ચાલતો, માનવદેહ મેળવીને પણ પ્રભુના ગુણાનુવાદ નથી ગાતો, તેનું જીવન નિરર્થક છે. જેના મુખમાં રામ નથી તે મુખમાં ધૂળ પડેલી જાણજો.

# મત કર મોહ તુ

મત કર મોહ તુ, હરિભજન કો માન રે.

નયન દિયે દરશન કરને કો,
શ્રવણ દિયે સુન જ્ઞાન રે ... મત કર

વદન દિયા હરિગુણ ગાને કો,
હાથ દિયે કર દાન રે ... મત કર

કહત કબીર સુનો ભાઈ સાધો,
કંચન નિપજત ખાન રે ... મત કર

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ હરિભજન કરવાનો સંદેશ આપે છે. તેઓ કહે છે કે આ સંસારમાં મોહ કરવા જેવું કશું નથી. સ્ત્રી, ઘર, સંતાન, ધન વગેરેની માયા કરવી નકામી છે. અંત સમયે માત્ર હરિભજન જ કામ આવવાનું છે. તેઓ મનુષ્યને કહે છે કે ભગવાને તને આંખો પ્રભુના દર્શન કરવા માટે આપેલી છે, કાન પ્રભુનું નામ સાંભળવા માટે આપેલા છે, વાણી હરિના ગુણગાન ગાવા માટે અને હાથ સત્કર્મો કરવા માટે આપેલા છે. જ્યાં સુધી તારા શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી તું આ બધી ઈન્દ્રિયો વડે એ કામ કરી લે. એક વાર પ્રાણ શરીરમાંથી નીકળી ગયા પછી કશું જ થઈ શકવાનું નથી. જેમ ખાણમાંથી ખોદીને તારવીને સોનું પ્રાપ્ત કરવામાં આવે છે એવી જ રીતે આ મનુષ્ય દેહ એક ખાણ સમાન છે. એમાં તું હરિનામનું કંચન પ્રાપ્ત કરી લે. આત્મ તત્વની અનુભૂતિ કરી લે. ઈશ્વરને પ્રાપ્ત કરી લે.

# મન તુમ ભજન કરો

મન તુમ ભજન કરો જગ આઈકે.

દુર્લભ સાજ મુક્તિ દેહી, ભૂલે માયા પાઈકે,
લગી હાટ સૌદા કબ કરિહૌ, કા કરિહૌ ઘર જાઈકે... મન તુમ

ચતુર ચતુર સબ સૌદા કીન્હા, મૂરખ મૂલ ગંવાઈકે,
કહૈ કબીર સુનો ભાઈ સાધો, ગુરૂકે ચરણ ચિત લાઈકે...મન તુમ.

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ સંસારને એક હાટડીની ઉપમા આપે છે અને માનવને એક ગ્રાહકની ઉપમા આપી કહે છે કે હે માનવ, તું આ બજારમાં આવ્યો છે, જ્યાં અનેક હાટડીઓ લાગેલી છે. એમાં માયા પણ મળે છે ને મુક્તિ પણ મળે છે. તું સમજદારીથી સોદો કર અને મુક્તિ મેળવી લે. જો તું નાશવંત સાંસારિક પદાર્થો પાછળ પડશે અને એને મેળવવા માટેના પ્રયત્ન કરશે તો તારા જેવો મુરખ બીજો નહીં હોય. કારણ આ માનવ જન્મ પૂરો થયા પછી તું પાછો તારે ઘેર પાછો ફરશે તો ત્યાં તારાથી મુક્તિ માટેના પ્રયત્નો નહીં કરાય. એથી સમજદારી એમાં છે કે તું ગુરુના ચરણમાં ચિત્ત લગાવીને મુક્તિનો સોદો કરી લે.

# મન તોહે કેહિ બિધ કર સમજાઉં

મન તોહે કેહિ બિધ કર સમજાઉં ?

સોના હોય તો સુહાગ મંગાઉ, બંકનાલ રસ લાઉં,
ગ્યાન શબ્દ કી ફૂંક ચલાઉં, પાની કર પિઘલાઉં ... મન તોહે

ઘોડા હોય તો લગામ મંગાઉં, ઉપર જીન કસાઉં,
હોય સવાર તેરે પર બૈઠું, ચાબૂક દેકે ચલાઉં ... મન તોહે

હાથ હોય તો ઝંઝીર ચઢાઉં, ચારો પૈર બંધાઉં,
હોય મહાવત તેરે પર બૈઠું, અંકુશ લેકે ચલાઉં ... મન તોહે

લોહા હોય તો એરણ મંગાઉં, ઉપર ધુંવન ધુંવાઉં,
ધુવન કી ઘનઘોર મચાઉં, જંતર તાર ખિંચાઉં ... મન તોહે

ગ્યાની હોય તો જ્ઞાન શિખાઉં, સત્ય કી રાહ ચલાઉં,
કહેત કબીર સુનો ભાઈ સાધો, અમરાપુર પહુંચાઉં ... મન તોહે

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ કહે છે કે હે મન, તને કેવી રીતે સમજાવી શકું ? તું જો સુવર્ણ સમાન હોય તો તને સુહાગમાં મૂકી અન્ય રસ ભેળવી વાંકી નળીથી ફૂંક મારી મારીને પાણીની જેમ તને પીગળાવી શકું અને ધાર્યો આકાર પણ આપી શકું. તું જો ઘોડા જેવું હોય તો લગામ લગાવી, પીઠ પર જીન સજાવી તારા પર સવાર થઈને ચાબૂકથી વશ કરીને તને ધારેલા માર્ગે ચલાવી શકું.તું જો હાથી હોય તો તેરા પર ઝંઝીર ચઢાવી દઉં ને તારા ચારે પગોને બંધાવી દઉં ને પછી મહાવતની જેમ તારા પર બેસીને અંકુશ વડે તને ધારેલા માર્ગે દોડાવી શકું.તું જો લોઢા જેવું હોય તો ધમણ દ્વારા અગ્નિમાં તપાવી તપાવીને લાલચોળ કરી દઉં અને પછી એરણ મંગાવી તેના પર ટીપી ટીપીને યંત્રના તારની જેમ ધાર્યો આકાર પણ આપી શકું.તું જો જ્ઞાની હોય તો તને જ્ઞાન શીખવી શકું અને સત્યના માર્ગે ચલાવી શકું. કબીર કહે છે કે જ્ઞાન દ્વારા જ તને અમરાપુરમાં પહોંચાડી શકાય.

# મન ના રંગાયે જોગી

તનકો જોગી સબ કર, મનકો કરે ન કોઈ,
સહજે સબ સિદ્ધિ પાઈયે, જો મન જોગી હોઈ.
હમ તો જોગી મનહી કે, તનકે હય તે ઓર,
મનકો જોગ લગાવતાં, દશા ભઈ કછુ ઓર.

મન ના રંગાયે જોગી કપડા રંગાયે,
મન ના ફિરાયે જોગી મનકા ફિરાયે.

આસન માર ગૂફામેં બૈઠે, મનવા ચહુ દિશ જાયે,
ભવસાગર ઘટ બિચ બિરાજે, ખોજન તિરથ જાયે... મન ના

પોથી બાંચે યાદ કરાવે, ભક્તિ કછુ નહિં પાયે,
મનકા મન કા ફિરે નાહિ, તુલસી માલા ફિરાયે... મન ના

જોગી હોકે જાગા નાહિ, ચોરાસી ભરમાયે,
જોગ જુગત સો દાસ કબીરા, અલખ નિરંજન પાયે... મન ના

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ સંન્યાસ ધારણ કરેલા સાધુઓને જાગૃત કરતા કહે છે કે કેવળ કપડાંનો રંગ બદલવાથી અને ઘરનો ત્યાગ કરીને બહાર ફરવાથી સાધુ થવાતું નથી. એને માટે તો મનને ફેરવવું પડે છે. ગુફામાં જઈને આસન પર બેસો પણ મન ચારે દિશામાં ભટકતું હોય તો એનો કશો અર્થ નથી. વળી આત્મદેવ તો પોતાની અંદર વિરાજે છે. એને શોધવા તીર્થમાં જવાની જરૂર નથી. શાસ્ત્રોના પાઠ કરો પણ મનમાં કોઈ પરિવર્તન ન આવે તો એવી રીતે વાંચેલ પોથીપાઠ અને ફેરવેલ માળાના મણકા નકામા છે. સંન્યાસ ગ્રહણ કરીને સાચા અર્થમાં જોગી ન થયા તો ચોર્યાસી લાખ યોનિમાં ફરવાનો વારો આવશે. પણ જો સાચી સમજ સાથે યોગનો આધાર લેશો તો પરમચૈતન્ય સમાન પરમાત્માને પામી જશો.

# મન મસ્ત હુઆ

મન મસ્ત હુઆ તબ ક્યોં બોલે.

હીરા પાયો ગાંઠ ગઠિયાયો, બાર બાર વાંકો ક્યોં ખોલે.
હલકી થી તબ ચડી તરાજુ, પૂરી ભઈ અબ ક્યોં તોલે ?

સુરત કલારી ભઈ મતવારી, મધવા પી ગઈ બિન તોલે.
તેરા સાહિબ હૈ ઘટમાંહી, બાહર નૈનાં ક્યોં ખોલે ?

હંસા પાયો માનસરોવર, તાલ તલૈયાં ક્યાં ખોજે ?
કહત કબીરા સુનો ભાઈ સાધો, સાહિબ મિલ ગયે તિલ ઓલે.

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ કહે છે કે જ્યારે મન પરમાત્માના પ્રેમરસમાં ડૂબીને મસ્ત બની ગયું છે તો પછી બોલવાનું ક્યાં બાકી રહ્યું ? હીરો મળી ગયા પછી એને ગાંઠ બાંધીને સલામત જગ્યાએ મુકી દીધો. હવે વારે વારે ગાંઠ ખોલીને એને જોયા કરવાની શી જરૂર છે ? મર્યાદાની બહાર મદ્યપાન કરવામાં આવે તો મતિ મારી જાય છે, એની નિર્ણયશક્તિ નાશ પામે છે. એવી જ રીતે જ્યારે વસ્તુ હલકી (અપૂર્ણ) હોય છે ત્યારે એને ત્રાજવે ચઢાવી તોલવામાં આવે છે. પણ જ્યારે એ પૂર્ણ થઈ જાય છે પછી તેને કોણ ને કેવી રીતે તોલે ? હે સાધક, તારો સાહેબ (પરમાત્મા) તારા શરીરની અંદર છે. એમને અવલોકવા દ્રષ્ટિને બહિર્મુખ શા માટે કરે છે ? રાજહંસને માનસરોવર મળી જાય પછી તે તળાવ તથા સરોવરને શા માટે શોધે ? અર્થાત્ આત્માએ એના મૂળ સનાતન સચ્ચિદાનંદ સ્વરૂપમાં સ્થિતિ કરી લીધી પછી તે દુન્યવી વસ્તુઓમાં ફાંફા શા માટે મારે. કબીર કહે છે કે હે સાધુપુરૂષ, સાંભળો, જેમ તલમાં તેલ હોય છે તેમ તમારી અંદર જ આત્મા વિરાજી રહ્યો છે. એને પામી લો, પછી કશું પામવાનું બાકી નહી રહે.

# મન લાગો મેરો યાર ફકીરી મેં

મન લાગો મેરો યાર ફકીરી મેં.

જો સુખ પાયો રામ ભજન મેં, સો સુખ નાહિં અમીરી મેં,
ભલા બુરા સબકા સુન લીજૈ, કર ગુજરાન ગરીબી મેં ... મન લાગો

પ્રેમ નગર મેં રહની હમારી, ભલી બની આઈ સબૂરી મેં,
હાથ મેં કુંડી બગલ મેં સોટા, ચારોં દિશા જાગીરી મેં ... મન લાગો

આખિર યે તન ખાક મિલેગા, કહાં ફિરત મગરૂરી મેં,
કહત કબીર સુનો ભાઈ સાધો, સાહબ મિલે સબૂરી મેં ... મન લાગો.

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ કહે છે કે જે સુખ ઈશ્વરના સ્મરણ મનનમાં મળે છે તે સંપત્તિ કે લૌકિક વૈભવથી નથી મળતું. એથી જ ફકીર થઈને ગરીબીમાં ગુજરાન કરવું અને માનાપમાનથી રહિત થઈ લોકોની સ્તુતિ અને નિંદાને અવગણીને રહેતા શીખવું જોઈએ. ફકીર પોતે બધી વસ્તુઓનો ત્યાગ કરીને નીકળી પડે છે. માત્ર કહેવા પૂરતું એક હાથમાં ભિક્ષાપાત્ર અને બીજા હાથમાં દંડ હોય છે. અને તે છતાં તે જાણે આખી પૃથ્વીનો માલિક હોય એમ વિહરે છે. આમ પણ આ પંચમહાભૂતનું બનેલું શરીર ભસ્મ થવાનું છે. એથી ગર્વ કરવાની જરૂર નથી. પદના અંતમાં કબીર સાહેબ કહે છે કે પરમાત્માને પ્રાપ્ત કરવા એ કાંઈ ખાવાનો ખેલ નથી, એને માટે ધીરજની આવશ્યકતા છે.

# મેરી સુરતી સુહાગન જાગ રે

મેરી સુરતી સુહાગન જાગ રે.

ક્યા તું સોવે મોહનિંદમેં, ઉઠકે ભજન બિચ લાગ રે,
અનહદ શબદ સુનો ચિત્ત દે કે, ઉઠત મધૂર ધૂન રાગ રે...

ચરન શિશ ધર બિનતી કરિયો, પાવેગે અચલ સુહાગ રે,
કહત કબીર સુનો ભાઈ સાધુ, જગત પીઠ દે ભાગ રે...

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ પોતાના માંહ્યલાને જગાડતા કહે છે કે જાગી જા. મોહનિંદ્રામાં શું કામ સુતો છે ? જાગ અને ભગવાનના ભજનમાં લાગી જા. અંદરથી આવતા અનાહત નાદમાં ધ્યાન લગાડ અને એ મધુર ધુનમાં પોતાનો રાગ જોડી દે. પ્રભુના ચરણમાં ધ્યાન લગાવવાથી નષ્ટ ન થાય તેવું સુખ મળશે, અખંડ સુહાગની પ્રાપ્તિ થશે. એટલા માટે સંસારના પદાર્થો તરફ જે ધ્યાન છે તેનાથી પીઠ કરી પાછો ફર અને પ્રભુનું નામ લેવા માંડ.

## મો કો કહાં ઢૂંઢે રે બન્દે

મો કો કહાં ઢૂંઢે રે બન્દે, મૈં તો તેરે પાસ મેં

ના તીરથ મેં, ના મૂરત મેં, ના એકાન્ત નિવાસ મેં
ના મન્દિર મેં ના મસ્જિદ મેં, ના કાબા કૈલાસ મેં

ના મૈં જપ મેં ના મૈં તપ મેં, ના મૈં બરત ઉપવાસ મેં
ના મૈં ક્રિયા કર્મ મેં રહતા, નહીં યોગ સન્યાસ મેં

નહીં પ્રાણ મેં, નહીં પિંડ મેં, ન બ્રહ્માંડ આકાશ મેં
ના મૈં ભ્રુકુટી ભઁવરગુફા મેં, સબ શ્વાસન કી શ્વાસ મેં

ખોજ્યો હોય તુરત મિલી જાઉં પલભર કી તલાશ મેં
કહત કબીર સુનો ભાઈ સાધો, મૈં તો હૂં વિશ્વાસ મેં.

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ કહે છે કે તું પરમાત્માને ક્યાં શોધે છે ? એ તો તારી પાસે જ છે, તારા હૃદયમાં જ વિરાજેલા છે. એ તીર્થસ્થાનોમાં ફરવાથી નથી મળતા કે નથી મળતા એકાંત સેવનથી. એ નથી રહેતા મંદિરમાં કે નથી રહેતા મસ્જિદમાં, ન તો એ મળે છે કાબા કે કૈલાસમાં. બહુ જપ-તપ કરનારાને, કે વ્રત ઉપવાસ કરનારાને પણ એ પ્રાપ્ત થતા નથી. એનો નિવાસ શરીરની અંદર - પ્રાણ કે પિંડમાં નથી અને બાહ્ય આકાશમાં પણ નથી. ન તો એ શાસ્ત્રમાં કહ્યા મુજબ ભ્રમરમધ્યે નિવાસ કરતો. પણ ખરેખર તો એ દરેકમાં વિરાજમાન છે અને સાક્ષીભાવે પ્રત્યેક શ્વાસોશ્વાસને જુએ છે. તો પછી એ આત્મા કે પરમાત્માને કેવી રીતે શોધવો ? કબીરજી એનો જવાબ આપતા કહે છે કે જે શ્રદ્ધા અને વિશ્વાસથી સંપન્ન બની મને શોધશે એવા ખરા જિજ્ઞાસુને તો એ પળભરમાં મળી જશે.

# રામ રહીમ એક હૈ રે

રામ રહીમ એક હૈ રે, કાહે કરો લડાઈ,
વહ નિર્ગુનીયા અગમ અપારા, તીનો લોક સહાઈ... રામ

વેદ પઢંતે પંડિત હો ગયે, સત્ય નામ નહિં જાના,
કહે કબીરા ધ્યાન ભજનસે, પાયા પદ નિરવાના... રામ

એક હી માટી કી સબ કાયા, ઊંચ નીચ કો નાંહિ,
એક હી જ્યોત ભરે કબીરા, સબ ઘટ અંતરમાંહિ... રામ

યહી અનમોલક જીવન પાકે, સદગુરૂ શબદ ધ્યાવો,
કહેત કબીરા ફલક મેં સારી, એક અલખ દરશાવો... રામ

**- સંત કબીર**

આ પદમાં કબીર સાહેબ ભેદભાવોને દૂર કરીને ઈશ્વરનું સ્મરણ કરવાનું કહે છે. તેઓ કહે છે કે હિંદુઓ રામને માને છે, મુસ્લિમો રહીમને પૂજે છે પણ હકીકતમાં તો બંને એક છે તો પછી લડાઈ કરવાની શી જરૂર છે. કારણ જે પરમ તત્વ છે તે તો અગમ અને અપાર છે અને તે ત્રણે ભુવનમાં વ્યાપ્ત છે. એવી રીતે સાધનાપંથે જનારા લોકોમાંથી અમુક માત્ર જ્ઞાનમાર્ગનો મહિમા ગાય છે. તેઓ શાસ્ત્રોનો પાઠ કરીને પંડિત તો થયા છે, પણ સત્યને જાણ્યું નથી તેમને કબીર સાહેબ કહે છે કે ધ્યાન ભજન કરવાથી પણ નિર્વાણ મળે છે. એવી જ રીતે ઊંચનીચના ભેદ જોતાં લોકોને તેઓ કહે છે કે બધાનું શરીર તો પંચમહાભૂતમાંથી જ બનેલું છે, અને એમાં વસનાર આત્માની જ્યોતિ પણ એક જ છે તો પછી ભેદભાવ શા માટે ? આ અણમોલ માનવ જીવન મળ્યું છે તો સદગુરુએ આપેલ જ્ઞાનને જીવનમાં ઉતારી સમગ્ર સૃષ્ટિમાં વ્યાપ્ત એક ઈશ્વર કે અલખના દર્શન કરી લો.

# સંતન કે સંગ લાગ રે

સંતન કે સંગ લાગ રે,
તેરી ભલી બનેગી ... સંતન કે સંગ

હંસન કી ગતિ હંસ હિ જાનૈ,
ક્યા જાને કોઈ કાગ રે ... સંતન કે સંગ

સંતન કે સંગ પૂર્ણ કમાઈ,
હોય બડો તેરે ભાગ રે... સંતન કે સંગ

ધ્રુવ કી બની પ્રહ્લાદ કી બન ગઈ,
ગુરૂ સુમિરન બૈરાગ રે ... સંતન કે સંગ

કહત કબીરા સુનો ભાઈ સાધો,
રામ ભજનમેં લાગ રે... સંતન કે સંગ.

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ સત્સંગનો મહિમા ગાય છે. તેઓ માનવને કહે છે કે તું સંતોનો સંગ કર તો તારું ભલું થશે. સંસારમાં બંને પ્રકારના માણસો છે - સજ્જનો અને દુર્જનો. સજ્જનો કે સત્પુરુષો હંસ જેવા છે, નીરક્ષીર વિવેકવાળા છે, જ્યારે દુર્જનો કે દુષ્પુરુષો કાગડા જેવા છે. તેઓ પોતે તો પોતાનો ઉધ્ધાર નહીં સાધી શકે સાથે સાથે તને પણ બુરા માર્ગે દોરશે. સંતોની સાથે રહીશ તો સારા કામો કરીશ, અને પુણ્ય કમાઈશ. ધ્રુવ અને પ્રહ્લાદે સત્પુરુષોનો સંગ કર્યો અને એમના માર્ગે ચાલીને એમનું આત્મકલ્યાણ કર્યું. એથી હે માનવ, તું પણ કોઈ સત્પુરુષનો સંગ સાધી એમના પથપ્રદર્શન પ્રમાણે ભગવાનના ભજનમાં લાગી જા.

# સંતો જીવત હી કરો આશા

સંતો જીવત હી કરો આશા,
મુએ મુક્તિ, કહે ગુરૂ લોભી, જૂઠા દૈ વિશ્વાસા... સંતો

મન હી બંધન, મન સે મુક્તિ, મન કા સકલ વિલાસા,
જો મન ભયો જીયત વશ નાહી તો દેવે બહુ પ્રાસા ... સંતો

જો અબ હૈ તો તબહુ મિલી હૈ જો સ્વપ્ને જગ ભાષા
જહાં આશા તહાં વાસા હોયે મનકા યહી તમાશા ...સંતો

જીવત હોવે દયા સતગુરૂ કી ઘટમેં જ્ઞાન પ્રકાશા,
કહ્ત કબીર મુક્તિ તુમ લેવો, જીવત હી ધર્મદાસા ... સંતો

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ ધર્મદાસને સંબોધી સૌને જીવતા જીવત જે કંઈ સાધનભજન કરવાનું છે તે કરી લેવાનું કહે છે. તેઓ કહે છે કે મર્યા પછી મુક્તિ મળશે એમ કહેનારા લોભી ગુરુઓની વાત ન માનશો. એ બધું જૂઠાણું છે. આંખ ખુલ્લી હોય ત્યારે જે પામી શકાય તે જ સત્ય માનો. મુક્તિ વેચનારા દંભી અને પાખંડી ગુરુથી ચેતવતા કબીર સાહેબ કહે છે કે મન જ બંધન અને મુક્તિનું કારણ છે. જો મનને વશ કરવામાં નહીં આવે તો પછી ખુબ મુશ્કેલી પડશે. દંભી લોકો સ્વપ્નો બતાવે છે અને કહે છે કે અહીં અમને પૈસા આપો, વિધિ વિધાનો કરાવો તો મર્યા પછી તમને સ્વર્ગ મળશે, મુક્તિ મળશે. માનવનું મન પણ એવું છે કે જ્યાં આશા દેખાય ત્યાં મન ભરોસો કરી લે છે. એ જ તો મનનો ખેલ છે. પણ હે ધર્મદાસ, સાચી વાત તો એ છે કે જ્યાં સુધી દેહમાં પ્રાણ છે ત્યાં સુધી તમે સદગુરુના માર્ગદર્શન પર ચાલીને જ્ઞાનનો પ્રકાશ મેળવી લો અને જીવતા જીવત જ મુક્તિ મેળવી લો.

# સત્યનામ કા સુમિરન કર લે

સત્ય નામ કા સુમિરન કર લે, કલ જાને ક્યા હોય,
જાગ જાગ નર નિજ પાસુન મેં, કાહે બિરથા સોય ... સત્ય નામ

યેહી કારન તું જગમેં આયા, વો નહિં તુંને કર્મ કમાયા,
મન મૈલા થા મૈલા તેરા, કાયા મલ મલ ધોય ... સત્ય નામ

દો દિનકા હૈ રૈન બસેરા, કોન હૈ મેરા કોન હૈ તેરા,
હુવા સવેરા ચલે મુસાફીર, અબ ક્યા નયન ભિગોય ... સત્ય નામ

ગુરૂ કા શબદ જગા લે મનમેં, ચૌરાસી સે છૂટે ક્ષન મેં,
યે તન બારબાર નહિં પાવે, શુભ અવસર ક્યું ખોય ... સત્ય નામ

યે દુનિયા હૈ એક તમાશા, કર નહિં બંદે કીસી કી આશા,
કહે કબીરા સુનો ભાઈ સાધો, સાંઈ ભજે સુખ હોય ... સત્ય નામ

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ મનુષ્યને હરિસ્મરણ કરી લેવાનું કહે છે કારણ કે કાલનો કોઈ ભરોસો નથી. તેઓ કહે છે કે હે માનવ, તું સુઈ કેમ રહ્યો છે. તું આ સંસારમાં એટલા માટે જ આવ્યો છે. તારું મન મેલું છે એને ધોવાને બદલે તું તારા મલમલ જેવા બદનને ધોઈ રહ્યો છે. આ સંસાર તો એક ધર્મશાળા જેવું છે. એમાં કોઈ તારું નથી. સવાર પડતાં જેમ ધર્મશાળામાંથી મુસાફરો પોતપોતાના રસ્તે ચાલી નીકળે છે તેવી રીતે તારે પણ નીકળવું પડશે. તો સગાસંબંધીઓ માટે કેમ આંસુ સારે છે. ખરેખર કરવાનું કામ તો હરિનું સ્મરણ છે, તો તું આ ભવના બંધનો અને જન્મમરણના ફેરામાંથી મુક્ત થશે. આ મનુષ્યજન્મ દુર્લભ છે અને વારેવારે નથી મળતું. એથી તું બીજા કોઈની આશા છોડી, સંસારને વ્યર્થ અને ક્ષણભંગુર જાણી હરિસ્મરણ કર.

# સાંઈ કી નગરિયાં જાના હૈ

સાંઈ કી નગરિયાં જાના હૈ રે બંદે,
જગ નાહિં અપના, બેગાના હૈ રે બંદે ... સાંઈ કી
પત્તા તૂટા ડાલસે, લે ગઈ પવન ઉડાય,
અબકે બિછુડે ના મિલે, દૂર પડેંગે જાય... સાંઈ કી
માલી આવત દેખકે, કલિયન કરે પૂકાર,
ફુલી ફુલી ચૂન લીયે, કાલ હમારી બાર... સાંઈ કી
ચલતી ચક્કી દેખ કર, દીયા કબીરા રોય,
દુઈ પાટનકે બીચમેં, સાબૂત બચા ન કોય... સાંઈ કી
લૂંટ શકે તો લૂંટ લે, સત્ય નામકી લૂંટ,
પાછે ફિર પછતાઓગે, પ્રાણ જાવે જબ છૂટ... સાંઈ કી
માટી કહે કુંભારસે, તું ક્યોં રૂંઢે મોય,
એક દિન ઐસા હોયેગા, મેં રૂંદુંગી તોય... સાંઈ કી
લકડી કહે લુહારસે, તૂં મત જારો મોહે,
એક દિન ઐસા હોયેગા, મેં જારૂંગી તોહે... સાંઈ કી
બંદે તું કર બંદગી, તો પાવે દિદાર,
અવસર માનુષ જન્મકા, બહુરી ન બારંબાર... સાંઈ કી
કબીરા સોયા ક્યા કરે, જાગન જપે મુરારિ,
એક દિન હૈ સોવના, લંબે પાંવ પસારી... સાંઈ કી

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ શિખામણ આપે છે કે આ શરીરને છોડીને એક દિવસ જવાનું છે તે યાદ રાખ. જેવી રીતે વૃક્ષ પરથી પર્ણ ખરી પડે છે તેવી જ રીતે આ દેહને છોડીને તારે જવાનું છે. બાગમાં માળી આવીને ફુલને ચૂંટે છે એ સમયે કળીઓ પણ સમજે છે કે કાલે આપણો વારો આવવાનો જ છે. તો હે જીવ તું પણ સમજ કે કાળ એક દિવસ તને પણ લેવા આવવાનો જ છે. જન્મ-મરણના એ ચક્રમાંથી કોઈ બચવાનું નથી. એથી જ્યાં સુધી દેહમાં પ્રાણ છે ત્યાં સુધી તું હરિનામ લઈ લે. જ્યારે કુંભાર માટીને ટીપી ટીપીને વિવિધ પ્રકારના આકારવાળા સાધનો બનાવે છે ત્યારે માટી કુંભારને કહે છે કે અત્યારે તું ભલે મને ટીપે છે, પણ જ્યારે તારો દેહ પડી જશે અને તું ભસ્મ થઈ જઈશ ત્યારે મારી જેમ તું પણ માટીમાં રગદોળાવાનો છે તેનો ખ્યાલ કરજે. મનુષ્ય જન્મ દુર્લભ છે, અને એ વારંવાર મળતો નથી. એથી એમાં તું થાય એટલું પ્રભુનું સ્મરણ કરી લે. કબીર સાહેબ અંતે પોતાની વાત કરતા કહે છે કે કબીર જાગૃત છે અને પોતાની ક્ષણેક્ષણને ઈશ્વરસ્મરણમાં વિતાવે છે. કારણ એને ખબર છે કે એક દિવસ તો પગ લાંબા કરી કાયમ માટે નિરાંતે સૂવાનો વખત આવવાનો જ છે.

# સાંઈ સે લગન કઠિન હૈ

સાંઈ સે લગન કઠિન હૈ ભાઈ…
લગન લગે બિનુ કાજ ન સરિહૈં, જીવ પરલય હોય જાઈ … સાંઈ સે

સ્વાતિ બુંદકો રટે પપીહા, પિયા પિયા રટ લાઈ,
પ્યાસે પ્રાણ જાત હૈ અબહીં, ઔર નીર નહિં ભાઈ … સાંઈ સે

તજી ઘરદ્વાર સતી હોય નિકલી, સત્ય કરનકો જાઈ,
પાવક દેખિ ડરે નહિં તનિકો, કૂદિ પરે હરખાઈ … સાંઈ સે

દો દલ આઈ જુડે રણ સન્મુખ,શુરા લેત લડાઈ,
ટૂક ટૂક હોય ગિરે ધરનિપે, ખેત છાંડિ નહિં જાઈ … સાંઈ સે

મિરગા નાદ શબ્દકે ભેદી, શબ્દ સુનનકો જાઈ,
સોઈ સબ્દ સુનિ પ્રાણદાન દે, નેક ન મનહિં ડરાઈ … સાંઈ સે

છોડહુ અપની તનકી આશા, નિર્ભય હોય ગુણ ગાય,
કહત કબીર સુનો ભાઈ સાધો, નહિં તો જનમ નસાઈ … સાંઈ સે

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ કહે છે કે ગુરુ સાથે લગની લાગવી અતિ મુશ્કેલ છે. લગની એવી લાગવી જોઈએ કે ગુરુ સિવાય બીજુ કાંઈ જ ન દેખાય, કોઈપણ વસ્તુમાં ચિત્ત ન લાગે. ભલે ને પછી શરીરમાંથી પ્રાણ કેમ ન નીકળી જાય. કબીર સાહેબ આ તડપન અને તરસની પ્રબળતાનું ઉદાહરણ આપતાં કહે છે કે જેવી રીતે ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રમાં પડેલા વરસાદનું પાણી જ પીએ છે, તે સિવાય બીજું કંઈ ગ્રહણ નથી કરતું, ભલેને તરસને લીધે પ્રાણ નીકળી જાય - એવી તરસ ઈશ્વરના દર્શનને માટે લાગવી જોઈએ. સતી થવા નીકળેલી સ્ત્રી પોતાના ઘરબાર કે પુત્રાદિની ચિંતા નથી કરતી પરંતુ પોતાના પતિની ચિતા પર હર્ષથી કૂદીને જીવન સમાપ્ત કરે છે. લડાઈના મેદાનમાં બે દળો આપસમાં યુદ્ધ કરતા હોય ત્યારે શૂરવીર પોતાના શરીરના ટુકડા થઈ જવાની ચિંતા ન કરતાં બહાદુરીથી યુદ્ધ કરે છે. મૃગને સંગીતની ધૂન એવી મસ્ત કરી દે છે કે એ જંગલમાં સિંહ, વાઘ તેને મારી નાખશે એવા ડર વગર એ શબ્દ સાંભળવા નીકળી પડે છે અને પોતાનો જાન ગુમાવે છે. એવી જ રીતે હે જીવ, તું શરીરની આશા છોડીને , નિર્ભય થઈને કેવળ રામનામનું સ્મરણ કર. જો તું એમ કરીશ તો તને એ દર્શન આપશે અને તારો જન્મ સફળ થશે.

# સાહબ હૈ રંગરેજ

સાહબ હૈ રંગરેજ, ચુનરિ મોરિ રંગ ડારી.

સ્યાહી રંગ છુડાય કે રે, દિયો મજીઠા રંગ
ધોવે સે છૂટે નહિં રે, દિન દિન હોત સુ-રંગ ... સાહબ હૈ

ભાવ કે કુણ્ડ નેહ કે જલ મેં, પ્રેમ રંગ દઈ બોર,
દુ:ખ દેઈ મૈલ લુટાય દે રે, ખુબ રંગી ઝકઝોર ... સાહબ હૈ

સાહબને ચુનરી રંગી રે, પ્રીતમ ચતુર સુજાન,
સબ કુછ ઉન પર બાર દૂઁ રે, તન મન ધન ઔર પ્રાણ ... સાહબ હૈ

કહૈં કબીર રંગરેજ પિયારે, મુઝ પર હુઆ દયાલ,
શીતલ ચુનરિ ઓઢિ કે રે, ભઈ હૌં મગન નિહાલ ... સાહબ હૈ.

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ કહે છે કે મારો સાહેબ રંગરેજ એટલે કે કપડાં રંગવાવાળો છે, જેણે મારી શરીરરૂપી ચુંદડી રંગી નાખી. મોહ, માયા, મમતારૂપી શાહીનો રંગ હઠાવીને મજીઠાનો રંગ (એક પ્રકારની વેલ જેમાંથી સુંદર લાલ રંગ નીકળે) લગાવ્યો. અને એ પણ એવો છે કે ધોવાથી છુટે નહીં અને દિવસે દિવસે ગાઢ થતો જાય. મારી શરીરરૂપી ચુંદડી ઈશ્વરના પ્રેમમાં ન્હાઈને અને પ્રેમરૂપી રંગથી બોળાવાથી દુ:ખદાયી મેલથી મુક્ત થઈ છે. મારા ગુરૂ (સાહબ), જેમણે આ કર્યું એના પર હું મારું તન, મન, ધન સર્વસ્વ અર્પણ કરી દઉં. કબીર સાહેબ કહે છે કે મારા સાહેબે મારી પર કૃપા કરી, મને પોતાના સ્વરૂપનો સ્વાનુભવ કરાવ્યો એથી હું હવે જ્ઞાનરૂપી શીતળ ચુંદડી ઓઢીને સર્વ બંધનોથી મુક્ત થઈ ગયો, મગન અને ન્યાલ થઈ ગયો.

# હમકો ઓઢાવે ચદરિયા

હમકો ઓઢાવે ચદરિયા રે,
ચલત બેરીયા ચલત બેરીયા ... હમકો ઓઢાવે

પ્રાણ રામ જબ નિકસન લાગે,
ઉલટ ગઈ દો નૈન પુતરિયા ... હમકો ઓઢાવે

ભિતરસે જબ બાહિર લાયે,
તૂટ ગઈ સબ મહેલ અટરિયા ... હમકો ઓઢાવે

ચાર જનેં મિલ હાથ ઉઠાઈન,
રોવત લે ચલે ડગર ડગરિયા ... હમકો ઓઢાવે

કહત કબીરા સુનો ભાઈ સાધુ,
સંગ જલી વો તો તૂટી લકરિયા ... હમકો ઓઢાવે

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ શરીરની ક્ષણભંગુરતાનું વેધક વર્ણન કરે છે. મૃત્યુ પામ્યા પછી દેહનું શું થાય છે એ બધાને ખબર જ છે. શરીરની ઉપર ચાદર ઓઢાવી દેવામાં આવે છે, અને શરીરને દોરડાથી બાંધી દેવામાં આવે છે. શરીરમાંથી પ્રાણ જતા રહે છે ત્યારે સુંદર દેખાતી આંખની કીકીઓ સાવ નિષ્ક્રિય થઈ જાય છે. ઘરમાંથી શરીરને જ્યારે બાળવા માટે બહાર લઈ જવામાં આવે છે, તે સમયે ધનદૌલત, મકાન, મિલકત બધું જ છૂટી જાય છે. એને પાછળ મૂકીને જીવે એકલું નીકળવું પડે છે. ચાર વ્યક્તિઓ મૃત શરીરને ઉંચકીને રડતા રડતાં સ્મશાને લઈ જાય છે. અને અંતે તો સૂકાં લાકડાંની ભારી જ શરીરના બળવાના કામમાં આવે છે. એથી જ કબીર સાહેબ કહે છે કે તું જે શરીરમાં આસક્ત છે, જેનો તું ગર્વ કરી રહ્યો છે તે દેહ તો નાશવંત છે, એની ક્ષણભંગુરતાનો વિચાર કર. એની આસક્તિ મૂકી ઈશ્વરનું ભજન કર. તે જ કરવા જેવું છે.

# હમારે ગુરુ મિલે બ્રહ્મજ્ઞાની

હમારે ગુરૂ મિલે બ્રહ્મજ્ઞાની, પાઈ અમર નિશાની.

કાગ પલટ ગુરૂ હંસા કિન્હે, દિની નામ નિશાની,
હંસા પહુંચે સુખ સાગર પર, મુક્તિ ભરે જહાં પાની ... હમારે ગુરુ

જલ બીચ કુંભ કુંભ બીચ જલ હૈ, બાહર ભિતર પાની,
નીકસ્યો કુંભ જલ જલહી સમાના, યે ગતિ વિરલેને જાની ... હમારે ગુરુ

હૈ અથાગ થા સંતનમેં, દરિયા લહર સમાની,
જીવર જાલ ડાલકા તરી હૈ, જબ મીન બિખલ ભય પાની ... હમારે ગુરુ

અનુભવકા જ્ઞાન ઉજલત કી વાની, સો હૈ અકથ કહાની,
કહત કબીર ગુંગેકી સેના, જીન જાની ઉન માની ... હમારે ગુરુ.

**- સંત કબીર**

પ્રસ્તુત પદમાં કબીર સાહેબ બ્રહ્મજ્ઞાની મહાપુરુષના સંગનું પરિણામ બતાવે છે. કબીર સાહેબ કહે છે કે બ્રહ્મજ્ઞાની ગુરુ મળવાથી જીવનમાં અમર અને અવિનાશી એવું પરિવર્તન થયું. ગુરુએ કાગડાને પલટાવી હંસ કરી દીધો અર્થાત્ મારી વિષયવતી વૃત્તિઓને ઈશ્વર તરફ વાળી દીધી. મારું મનરૂપી હંસ હવે સુખસાગરમાં સ્નાન કરે છે, જેની આગળ મુક્તિ પણ પાણી ભરે છે. (મુક્તિની પણ વિશેષ મહત્તા નથી.) પાણીની વચ્ચે ઘડો હોય, અને ઘડાની અંદર પાણી ભરેલું હોય એવી સ્થિતિમાં બહાર અને અંદર બધે જ પાણી હોય છે. એ જ રીતે ગુરુની કૃપાથી મારી અંદર અને બહાર મને પરમાત્માનો પ્રકાશ દેખાઈ રહ્યો છે. આ સ્થિતિ કેવળ અનુભવ વડે જ સમજી શકાય તેવી છે. જેમ દરિયામાં લહેર સમાયેલી હોય છે તેવી જ રીતે સંતપુરુષમાં પરમાત્માનો પ્રકાશ પથરાયેલો છે. ગુરુ દ્વારા વ્યક્ત થતું અનુભવનું જ્ઞાન એ પરમાત્માની વાણી જ છે. જેણે એને માણી છે તે જ એને જાણે છે.